

અંતિમયાત્રા - પૂર્વ સાંસ્કૃતિક મંત્રી અને ભાજપના અગ્રણી ફકીરભાઈ વાઘેલાનું મંગળવારે સાંજે હૃદયરોગના હુમલાથી અવસાન થતાં આજે સવારે સેક્ટર-૨ના નિવાસસ્થાનેથી સદગતની અંતિમયાત્રા નીકળી હતી. અંતિમયાત્રાની પૂર્વે વિધાનસભાના અધ્યક્ષ વજુભાઈ વાળા અને મંત્રીમંડળના સભ્યો તથા રાજકીય આગેવાનોએ સદગતના પાર્થિવદેહ પર પુષ્પાંજલિ અર્પી હતી. સદગતની અંતિમયાત્રામાં રાજકીય આગેવાનો અને દલિત સમાજના આગેવાનો - કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા. (તસવીર : દિપક જાની)

# રૂ. ૫૦૦નાં દરની ચલણી નોટ હાથમાં પકડતા સાવચેતી રાખજો...!

## રૂ. ૫૦૦ની અસલ નોટની કલર પ્રીન્ટ આબેહૂબ નીકળતી હોવાથી નકલી નોટ બેફામ ફરતી થઈ છે : પેટ્રોલપંપો અને લારી-ગલ્લા તથા દુકાનોમાં સરળતાથી પધરાવી દેવાય છે...!

(વિપુલ ચૌહાણ), ગાંધીનગર, તા. ૧

નકલી ચલણી નોટો ઘુસાડીને દેશના અર્થતંત્રને તોડી પાડવાનું મસમોટું કૌભાંડ ચાલે છે. ત્યારે રાજ્યના પાટનગરમાં પણ નકલી ચલણી નોટો ખુબ જ મોટા પાયે ફરતી થઈ ગઈ છે. રૂ. ૫૦૦ના દરની નકલી નોટ આબેહૂબ અસલી નોટ જેવી તૈયાર થતી હોવાથી રૂ. ૫૦૦ની નોટ બેફામ રીતે ફરતી થઈ ગઈ છે. મોટા પાયે નાની-નાની બેન્કો કે જ્યાં નકલી નોટ ચેક કરવાના મશીનો જ હોતા નથી તેવી બેંકો તથા પેટ્રોલપંપો અને લારી-ગલ્લા તથા દુકાનોમાં આ નકલી નોટો સરકાવવામાં આવી રહી છે. તેથી રૂ. ૫૦૦ના દરની નોટ હાથમાં પકડતા પહેલા અવશ્ય કેટલીક કાળજી રાખજો...! નોટ નકલી છે કે અસલી તેને તપાસવા માટે કેટલીક બાબતો પરથી નક્કી કરી શકાય છે. તેવી બાબતોને પણ ધ્યાને રાખવી જરૂરી છે. આ નેટવર્કને નાકામીયાબ કરવા માટે નાગરીકોએ પણ સજાગ થવું પડશે, પોલીસ તો તેમની રીતે નેટવર્ક શોધી કાઢવા મથામણ કરી જ રહી છે.



થોડા મહિના અગાઉ જ નકલી નોટો ફરતી કરનાર ગેંગ ઝડપાઈ હતી. બાંગ્લાદેશી કનેક્શન ધરાવતી આ ગેંગ નકલી નોટો ફરતી કરવા યુવતીઓનો ઉપયોગ કરતાં હતાં. રૂ. ૫૦૦ના દરની નકલી નોટ સરળતાથી વટાવી શકાતી હોવાથી અને આબેહૂબ અસલ નોટ જેવી બનતી હોવાથી રૂ. ૫૦૦ની નકલી નોટ વધુ ફરતી કરવામાં આવી રહી છે. જે સ્થળોએ નોટની ચકાસણી કર્યા વિના સ્વિકારી લેવામાં આવે છે તેવા સ્થળોને આ શખ્સો વધુ પસંદ કરે છે. રૂ. ૧ લાખની નકલી નોટના બદલામાં રૂ. ૪૦ હજારની અસલી નોટનો ભાવ ચાલતો હોવાનું જાણવા મળ્યું છે. કેટલીક નાની-નાની બેંકોમાં રૂપિયા ચેક કરવાના મશીનો હોતા નથી તેવી બેંકોને આ લોકો વધુ પસંદ કરે છે અને ત્યાં રૂપિયા પધરાવી દેવામાં આવે છે. તે ઉપરાંત પેટ્રોલપંપ બીજો મોટો સ્ત્રોત છે. આવા મોટા સ્થળોએ કે જ્યાથી દરરોજ લાખો રૂપિયાનું ટર્નઓવર થતુ હોય ત્યાં નોટ ચકાસણીનું મશીન ફરજીયાત કરવું જરૂરી છે. જેનાથી સામાન્ય માણસ તે નકલી ચલણી નોટનો ભોગ ન બની જાય...! તે સિવાય લારી-ગલ્લાઓ અને દુકાનોમાં પણ નકલી નોટ પધરાવીને નકલી નોટો ફરતી કરવામાં આવી રહી છે. રૂ. ૫૦૦ની નકલી નોટ વધુ ફરતી કરાતી હોવાથી નાગરીકોએ પણ તે નોટ સ્વિકારતા પહેલા કેટલીક બાબતો ચકાસી લઈને સાવચેતી રાખવી જરૂરી બની છે. ઉલ્લેખનીય છે કે દર એકાદ-બે મહિનો ગાંધીનગરની બેંકોમાં પણ ઘણી બધી રૂ. ૧૦૦૦થી અને રૂ. ૫૦૦ની ચલણી નોટો ઘુસાડી દેવામાં આવે છે. તાજેતરમાં જ આ નકલી નોટોનું નેટવર્ક શોધી કાઢવા એલસીબીને તપાસ સોંપવામાં આવી છે તે દિશામાં પોલીસ બાતમીદારોનું નેટવર્ક ગોઠવી રહી છે. હવે જોવું રહ્યું કે પોલીસને નકલી નોટોનું નેટવર્ક પકડવામાં ક્યારે સફળતા મળે છે...!?

### નોટ અસલી છે કે નકલી..? ચેક કરવાની કેટલીક રીતો

- અસલી નોટના ખુણામાં વચ્ચેના ભાગે ગોળ અથવા ત્રીકોણ આકાર હોય છે તે ઉપસેલો હશે.
- અસલી નોટ જે દરની હશે તેના આંક પણ ઉપસેલા હશે.
- અસલી નોટ ત્રાસી કરો તો ગાંધીજીના ફોટાની બાજુમાં નોટના દરનો આંકડા લખેલા દેખાશે.
- નોટના વચ્ચે કોરા સફેદ ભાગને અલ્ટ્રા વાયોલેટ કિરણ વડે જુઓ તો વાદળી રંગના રેસા અસલી નોટમાં દેખાશે.
- ચલણી નોટની વચ્ચે સ્થિત ગ્રીન પટ્ટીમાં આર.બી.આઈ. લખેલું દેખાશે જે નકલી નોટમાં નહી દેખાય.
- અસલી નોટના દરના આંકડાના ફોન્ટ જાડા દેખાશે જે ફોન્ટ નકલી નોટમાં નાના અને પાતળા જોવા મળશે.

# મેયર કપ ટુર્નામેન્ટમાં આજે ગાંધીનગર V/S વડોદરા વચ્ચે જંગ

ગાંધીનગર, તા. ૧

આજે ગાંધીનગર મહાનગરપાલિકા અને વડોદરા મહાનગરપાલિકાની ટીમો વચ્ચે રાજકોટમાં ક્રિકેટનો જંગ ખેલાશે.

ગાંધીનગર કોર્પોરેશનમાં કમિશનરની ટીમનું નેતૃત્વ કમિશનરશ્રી પાડલિયા કરશે જ્યારે મેયર ટીમનું નેતૃત્વ મેયરશ્રી કરશે. આજે સવારે આ ટુર્નામેન્ટમાં ભાગ લેવા માટે ગાંધીનગરની ટીમ રવાના થઈ રહી છે.

પ્રથમ વડોદરા કમિશનરની ટીમ અને ગાંધીનગર કમિશનરની ટીમ વચ્ચે મેચ રમાશે. સાંજે ૪ વાગ્યે આ મેચ શરૂ થવાની છે. જ્યારે રાત્રે ૮ વાગે આ બે મહાનગરપાલિકાઓના કાઉન્સીલરોની ટીમ વચ્ચે જંગ જામશે.

ગાંધીનગરની ટીમમાં ડૉ. દિનેશ બારોટ, શ્રી લલિત પાડલિયા, શ્રી મહેશ મોડ, શ્રી દિનેશ માણેક, શ્રી ઐયુબ, શ્રી એમ.કે. પાટડિયા પર મદાર છે તો મેયર ટીમમાં શ્રી હર્ષજીત પંડ્યા, શ્રી કાર્તિક પટેલ, શ્રી શંકર ચૌધરી, શ્રી સુભાષ પાંડવ, શ્રી દેવેન્દ્રસિંહ ચાવડા, શ્રી જીતુ રાયકા, શ્રી આશિષ દવે પર મદાર છે. બન્ને ટીમના ખેલાડીઓ વિજયી થવાનો વિશ્વાસ ધરાવે છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આ મેયર કપનું આયોજન કરવામાં આવ્યું છે. ગત વર્ષે જામનગર ખાતે મેયર કપમાં મેયરની ટીમે સારો દેખાવ કર્યો હતો. આ વખતે આ સ્પર્ધા વહેલી થવાની હતી પરંતુ સામુહિક આત્મહત્યાના બનાવને પગલે આ સ્પર્ધા એક મહિનો મોડી યોજાઈ રહી છે.

# ગટરલાઈનના કામ પાછળ ૮ કરોડ ખર્ચાયા છતાં કામ અધુરૂ

## શહેરી વિસ્તારના પાંચ ગામોમાં ગટર સુવિધા પૂર્ણ ન થતા ગ્રામજનોમાં આક્રોશ ત્રણ વર્ષ બાદ પણ કામ બાકી !

ગાંધીનગર, તા.૧

શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ પાંચ ગામોમાં ગટરલાઈનનું કામ ત્રણ વર્ષના અંતે પણ પૂર્ણ થયું નથી. અંદાજિત રૂ. ૮ કરોડના ખર્ચે હાથ ધરાયેલ કામગીરી દરમિયાન કોન્ટ્રાકટરે પણ બેદરકારી દાખવતા આ ગામોમાં ગટરલાઈનનું કામ પૂર્ણરૂપે થઈ શકયું નથી. ગામના અગ્રણીઓ પણ આ મામલે ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરીને હવે થાકી ગયા છે.

શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ પાલજ, બાસણ, ઈન્દ્રોડા, ધોળાકૂવા અને બોરીજ ગામમાં ગટરલાઈનની સુવિધા ઉભી કરવા જુલાઈ વર્ષ ૨૦૧૦માં કામગીરી હાથ ધરવામાં આવી હતી. રૂ. ૮ કરોડના ખર્ચે શહેરી વિસ્તારના ગામોમાં ગટરલાઈનની પાયાની સુવિધા ઉભી કરવા ત્રણ વર્ષ પૂર્વે કામ શરુ કરવામાં આવ્યું હતું. આમ છતાં હાલની સ્થિતિને આ ગામોના ઘણા ખરા વિસ્તારમાં લાઈનની કામગીરી અધુરી છે. જેના પરિણામે સ્થાનિક ગ્રામજનો માટે રોજબરોજ નવી સમસ્યાઓ ઉદભવે છે. ગામના અમુક વિસ્તારમાં ગટરની લાઈન નાંખવામાં આવી નથી જયારે કેટલાક ઠેકાણે ગટરના ઢાંકણા પણ તુટી ગયા છે. આ સ્થિતિ વચ્ચે છાશવારે ગટરો ઉભરાતા ગ્રામજનો ખદબદતી ગંદકીના લીધે પણ ત્રાહીમામ પોકારી ગયા છે. ઘણીવાર ગટરલાઈન અને પીવાનુ પાણી મિશ્રિત થતા દુષિત પાણીની ગંભીર સમસ્યા ઉદભવતી હોવાનો આક્રોશ પણ ગ્રામજનોએ ઠાલવ્યો છે. ગામના આગેવાનોએ આ અંગે અનેકવાર

● અનુસંધાન પાન-૭ પર

# નિકાલ હેઠળના મકાનો આખરે તોડી પડાશે

## ૮ વર્ષના અંતે તંત્રમાં સળવળાટ વિવિધ ૭ સેકટરોમાં ૧૮૪૪ મકાનો નિકાલ હેઠળના : ટૂંકમાં કામ શરૂ થાય તેવી સંભાવના

ગાંધીનગર, તા.૧

શહેરમાં નિકાલ હેઠળના મકાન આખરે તોડી પાડવામાં આવશે શહેરના વિવિધ ૭ સેકટરોમાં સ્થિત નિકાલ હેળના ૧૮૪૪ મકાનો સંદર્ભે છેલ્લા ૮ વર્ષથી કોઈ નિર્ણય લેવાયો નથી જયારે થોડા સમય અગાઉ આ મામલે ઉચ્ચ કક્ષાએ પ્રેઝન્ટેશન અને બેઠક યોજાયા બાદ નિકાલ હેઠળના મકાનો તોડી પાડવા નિર્ણય લેવાયો હોવાનું પણ અંતરંગ સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

સેકટરોમાં સ્થિત જુદી જુદી કેટેગરીના સરકારી આવાસો દાયકાઓના અંતે ખંડેર હાલતમાં જોવા મળી રહ્યા છે જયારે આવાસોની સ્થિતિ સુધારવા માર્ગ-મકાન વિભાગ દ્વારા સમયાંતરે મજબૂતીકરણનું કામ પણ હાથ ધરવામાં આવે છે. શહેરમાં અંદાજિત ૧૬ હજાર જેટલા સરકારી આવાસો છે જયારે આવાસ મજબૂતીકરણની કામગીરી અન્વયે પણ અત્યાર સુધીમાં માત્ર ૪૦ ટકા કામગીરી જ થઈ હોવાનું ધ્યાને આવ્યું છે. જયારે આ પૈકી નિકાલ હેઠળ જાહેર થયેલા જોખમી આવાસોનો મામલો પણ લાંબા સમયથી અટવાયેલો છે. વર્ષ ૨૦૦૫ દરમિયાન શહેરના સે-૬, ૭, સે-૧૩, ૧૬ અને ૨૦ ઉપરાંત સે-૨૯ અને સે-૩૦માં સ્થિત ૧૯૦૪ જેટલા આવાસોને નિકાલ હેઠળ જાહેર કરવામાં આવ્યા હતા. સલામતીની દૃષ્ટિએ આ આવાસો જોખમી હોવાનું ધ્યાને આવતા આવાસોનો નિકાલ કરવાનો સરકાર કક્ષાએ નિર્ણય લેવાયો હતો. પરંતુ છેલ્લા ૮ વર્ષ દરમિયાન નિકાલ હેઠળના આવાસોનો મામલો માત્ર ફાઈલોમાં

● અનુસંધાન પાન-૭ પર

# ૨૦ વર્ષથી સે-૬માં રહીએ છીએ બીજા સેકટરમાં નહીં જઈએ !!

## વર્ષોથી સરકારી આવાસમાં વસવાટ કરતા રહીશોને ખંડેર ભીંતો સાથે પણ લાગણીનો નાતો બંધાઈ ગયો છે !

ગાંધીનગર, તા.૩૦

શહેરના સરકારી આવાસોમાં દાયકાઓથી રહેતા કર્મચારીઓનો મકાન સાથે લાગણીનો નાતો બંધાઈ ગયો છે ! મજબૂતીકરણ માટે વૈકલ્પિક વ્યવસ્થા પૂરી પાડવા છતા આવાસમાં વર્ષોથી વસવાટ કરતા રહીશો મકાન ખાલી કરવા તંત્રને નનૈયો કરી દેતા હોવાના કિસ્સાઓ ધ્યાને આવ્યા છે. સે-૬માં આવી જ રીતે મકાન ખાલી ન કરતા રહીશોને તંત્રએ નોટીસ આપી કાર્યવાહી હાથ ધરી છે.

કર્મચારીનગર અસ્તિત્વમાં આવ્યા બાદ નિર્માણ કરાયેલા સરકારી આવાસોમાં મોટા ભાગના કર્મચારીઓ વર્ષોથી વસવાટ કરે છે. દાયકાઓથી સરકારી આવાસમાં રહેતા કર્ચમારીગણ તેમજ તેમના પરિવારજનોને આવાસો અને પડોશીઓ સાથે લાગણીનો અનોખો નાતો બંધાઈ ગયો હોવાથી કેટલાક સેકટરોમાં સરકારી મકાનના રીનોવેશન માટે પણ રહીશો મકાન ખાલી ન કરતા હોવાના કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા છે. સે-૬માં 'ચ' અને 'જ' કેટેગરીના આવાસોનું મજબૂતીકરણ હાથ ધરવામાં આવનાર છે. જેને અનુલક્ષી તંત્ર દ્વારા આવાસમાં રહેતા રહીશોને અન્ય સેકટરમાં ફળવાયેલા મકાનમાં બદલી થવા જણાવાયું હતું. આમ છતાં મકાન છોડવા ન ઈચ્છતા આવા કબજેદારોને તંત્ર દ્વારા આજે નોટીસ આપવામાં આવી હતી. જેમાં મકાન તાત્કાલિક ખાલી કરવામાં નહીં આવ તો તંત્ર એક તરફી કબજો લઈ લેશે તેવી તાકીદ પણ કરવામાં આવી છે. સે-૬ના એક રહીશે તો તંત્રની ટીમને એવું પણ જણાવી દીધું હતું કે, '૨૦ વર્ષથી સે-૬માં રહુ છું અન્ય સેકટરમાં નહીં જાઉં!!'

પાણી બચાવીએ - પાણી આપણને બચાવશે...



પાણીનો બગાડ - બળબળતા ઉનાળામાં કચ્છ-સૌરાષ્ટ્રમાં પાણીની સમસ્યા ઘેરી બનતી જાય છે ત્યારે ગાંધીનગરમાં પાણીનો બગાડ ચિંતા ઉપજાવે છે. સરકારી તંત્રની વ્યવસ્થામાં જ ખામીના કારણે પાણીનો બગાડ રોજીંદી ઘટના બનતી જાય છે. (તસવીર : દિપક જાની)

# ઈમ્પેક્ટના કાયદાના અમલ માટે સરળ ગુડા-૨૦૧૧ હેલ્પડેસ્ક

## અનઅધિકૃત બાંધકામ નિયમિત કરવા ગુડા દ્વારા સેક્ટરોમાં વિશેષ કેમ્પની શરૂઆત

ગાંધીનગર, તા. ૩૦

શહેરના અનઅધિકૃત બાંધકામ નિયમિત કરવાના ઈમ્પેક્ટના સરળ ગુડા-૨૦૧૧ અન્વયે શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા આમ નાગરિકોને સમજણ પુરી પાડવા હેલ્પડેસ્ક સુવિધા શરૂ કરવામાં આવી છે. ગુડા દ્વારા ઈમ્પેક્ટના કાયદા અંગે માહિતી અને ફોર્મવિતરણ માટે સેક્ટરોમાં વિશેષ કેમ્પ શરૂ કરી દેવાયો છે.

અનઅધિકૃત બાંધકામ નિયમીત કરવા તથા સરળ નિયોને આધીન ઈમ્પેકટના કાયદાનો અમલ કરવા ગુડાએ પ્રયાસો હાથ ધર્યા છે. જેમાં તા. ૨૮ માર્ચ ૨૦૧૧ની સ્થિતિ સુધી કરાયેલા અનઅધિકૃત બાંધકામે નિયમબદ્ધ કરવા આગામી તા. ૧૯ ઓગષ્ટ સુધીમાં અરજી કરવા જણાવાયું છે. સરળ ગુડા-૨૦૧૧ કાયદા અન્વયે અન અધિકૃત બાંધકામને નિયમબદ્ધ કરવા સરળ ફોર્મ - 'ખ' તૈયાર કરવામાં આવ્યું છે. એન્જિનિયરની નિયુક્તિ કર્યા સિવાયની આ પ્રક્રિયા અન્વયે દસ્તાવેજી પુરાવા પણ ઓછા રજુ કરવાના રહેશે. જ્યારે બાંધકામ નિયમિત કરવાની ફી માં પણ નોંધપાત્ર ઘટાડો કરવામાં આવ્યો છે. અનઅધિકૃત બાંધકામને નિયમિત કરવા ગુડા દ્વારા ફોર્મ ભરવા અંગેની સમજૂતી તેમજ યોગ્ય માહિતી પુરી પાડવા સેક્ટરોમાં સવારે ૯ થી ૧૨ તેમજ સાંજે ૪ થી ૭ કલાક દરમિયાન વિશેષ કેમ્પના મારફતે પણ નાગરિકોને ગાઈડ કરવામાં આવી રહ્યા છે. કેમ્પના સ્થળ ઉપરાંત ગુડાની કચેરીએથી પણ અરજીનું ફોર્મ મળી રહેશે તેમ પણ જણાવાયું છે. ઈમ્પેક્ટ ફી ના કાયદા અન્વયે ૫૦ ચો.મી. થી ૩૦૦ ચો.મી. ના બાંધકામના ક્ષેત્રફળમાં રૂ. ૨ હજારથી ૨૦ હજાર સુધીની ફી નિયત કરવામાં આવી છે. જ્યારે વાણિજ્ય અને ઔદ્યોગિક હેતુ માટે ફીનું ધોરણ બેવડુ નિયત કરાયું છે.

**બેસણું**

અમારા પિતાશ્રી **નરેન્દ્રભાઈ આર. વ્યાસ**નું અવસાન થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૨-૫-૨૦૧૩ને ગુરૂવારે સાંજે ૪-૦૦ થી ૬-૦૦** દરમિયાન રાખેલ છે.

સ્થળ : પ્લોટ નં. ૩૪૦-એ, સેક્ટર-૨૩, ચર્ચની સામે, ગાંધીનગર

લિ.
**કિંજલ એન. વ્યાસ**

**કોર્પોરેશન બેંક**
(સાર્વજનિક ક્ષેત્રની અગ્રણી બેંક)
ગાંધીનગર શાખા (૫૮૩), ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, બીજો માળ, બ્લોક-૧૬, ગાંધીનગર-૩૮૨૦૧૭

**જાહેર હરાજી / ટેન્ડર નોટીસ**

કોર્પોરેશન બેંક, ઉદ્યોગભવન શાખા, ગાંધીનગર નીચેની જંગમ મિલકતના વેચાણ માટે 'જ્યાં છે ત્યાં અને જેવી છે તેવી'ના ધોરણે વેચાણ માટે દરખાસ્તો મંગાવે છે.

| અ.નં. | વાહનની ખરીદીની તારીખ | વાહનનું નામ | રજીસ્ટ્રેશન નંબર |
|---|---|---|---|
| ૧. | ૫/૮/૦૩ | મારૂતી ૮૦૦ | GJ-18-AA-2890 |

(૧) ટેન્ડર તા. ૩/૫/૧૩ અને ૧૮/૫/૧૩ સુધી સવારના ૧૧.૦૦ થી સાંજે ૫-૦૦ કલાક દરમિયાન કોર્પોરેશન બેંકની, ઉદ્યોગ ભવન શાખા, ગાંધીનગર ખાતેથી મેળવી શકાશે (૨) ઉપર દર્શાવેલ સ્થળ ઉપર વાહનની ચકાસણી તા. ૨૨/૪/૧૩ના રોજ બપોરે ૨-૦૦ થી સાંજે ૫-૦૦ કલાક સુધી કરી શકાશે. (૩) ટેન્ડર કોર્પોરેશન બેંક, ઉદ્યોગભવન શાખા ખાતે તા. ૨૦/૫/૧૩ના રોજ બપોરના ૨-૦૦ કલાક સુધી જ સ્વીકારવામાં આવશે. (૪) તમામ ટેન્ડરો કોર્પોરેશન બેંક, ઉદ્યોગભવન શાખા ખાતે તા. ૨૧/૫/૧૩ના રોજ બપોરે ૪-૦૦ કલાકે હાજર રહેલ દરખાસ્તકારોની રૂબરૂમાં ખોલવામાં આવશે. જાહેર હરાજી / બોલી એ જ સમયે યોજાશે અને દરખાસ્તકારો પોતાની ઓફર વધારી શકશે. (૫) ઓફરની સાથે વાહનદીઠ ઈ.એમ.ડી. રૂ. ૫,૦૦૦/-નો કોર્પોરેશન બેંકના નામે ડીમાન્ડ ડ્રાફ્ટ અથવા પે-ઓર્ડર અમદાવાદમાં વસૂલ થઈ શકે તેવો બીડવાનો રહેશે. (૬) ટેન્ડર /હરાજીને લગતી અન્ય શરતો અને નિયમો ટેન્ડરમાં પૂરી પાડવામાં આવેલ છે.

તા. ૧/૫/૨૦૧૩ — અધિકૃત અધિકારી
સ્થળ : ગાંધીનગર — કોર્પોરેશન બેંક

અલ્ટ્રાટેક
એન્જિનિયરની પસંદગી
VIRAT TMT BARS
UTKARSH
સ્ટોકિસ્ટ
શ્રી વૈષ્ણવી ટ્રેડર્સ
(O) : 23226929 M. 98251 36929, 99250 39672, 99250 33729

**STUDY IN GERMANY**
- Master in Energy Managment
- Part time job possible
- Admission & Visa Guaranteed
- Free online Interactive Seminar from rector of University on 7th Nov.

Contact us for more info.
Contact :
**Tvarit Education**
Phone : 094260 27933
info@tvariteducation.com
www.tvariteducation.com

**પ્રિય પ્રશાંતના ૨૮મા જન્મદિને અંતરની વધાઈ...**



ડો. પ્રશાંત મેરજા
તા. ૨/૫/૮૫થી સદાકાળ

"સ્મરણ તારૂ કાયમ હૃદયે રહ્યું છે લીલુ છમ,
અનુભૂતિમાં તું સાથે રહ્યો છો હરદમ"

સન્ની મેરજા — સુશીલા બ્રિજેશ મેરજા
પાયલ - જય — રેખા રમેશ મેરજા
ચાર્મી — ભાવના સુરેશ સરવડા
બા પૂ. વજીબા - પૂ. બાપુજી અમરશીભાઈના આર્શીવાદ

SANGHI CEMENT
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્પું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com